ક્રમાંક : અનજ/નવા બારકોડેડ રેશનકાર્ડ/૨૩૬૨/૨૦૧૦/ભાગ-૨

**અન્ન અને નાગરિક પુરવઠા નિયામક કચેરી**

૧૪, સરદાર ભવન, ૭ મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તા. .૧૨.૨૦૧૦.

પ્રતિ,

૧. **અન્ન નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ.**

૨. **જિલ્લા પુરવઠા અધિકારીશ્રી (તમામ)**

વિષય : હયાત રેશનકાર્ડ ધારકો કે જેમણે ફોર્મ નં. ૧ ભરેલ નથી તેમને જથ્થાની ફાળવણી બંધ કરવા બાબત.

સંદર્ભ : અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના પત્રક્રમાંક નં. કટપ/૧૦-૨૦૧૦/૧૦૪૭૮૩૮/ ક-૧, તા.૨૯.૧૨.૨૦૧૦.

જુના હયાત રેશનકાર્ડ ધારકોને નવા બારકોડેડ રેશનકાર્ડ આપવા માટે અરજી પત્રક નં.૧ ભરવાની મુદત તા.૩૦.૯.૧૦ રાખવામાં આવેલ હતી. તા.૧૪.૧૨.૧૦ સ્થિતીએ અરજી પત્રક નં.૧ મુજબ જિલ્લામાં પરત મળેલ ફોર્મની વિગત સામેલ પરિશિષ્ટ-૧ મુજબ છે. જુના હયાત રેશનકાર્ડ ધારકોને નવા બારકોડેડ રેશનકાર્ડ આપવા માટે અરજી પત્રક નં.૧ ભરવાની પુરતી તકો આપવામાં આવેલ હતી. આ માટે અરજી પત્રક નં.૧ ભરવાની સમયમર્યાદા સૌ પ્રથમ તા.૩૧-૭-૨૦૧૦ સુધીની નિયત કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ સમયમર્યાદા લંબાવીને પ્રથમ તા. ૧૫-૮-૨૦૧૦ સુધી અને ત્યારબાદ તા. ૩૧-૮-૨૦૧૦ સુધીની અને છેલ્લે તા.૧૫-૯-૨૦૧૦ સુધીની કરવામાં આવેલ. તેમ છતાં કેટલાક કાર્ડધારકોએ ફોર્મ નં. ૧ રજૂ નહીં કરતાં તા.૧૬-૯-૨૦૧૦ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન આવા કાર્ડધારકોને સબંધિત મામલતદાર કચેરી / ઝોનલ કચેરીમાં પૂરતા આધારો સાથે ફોર્મ નં.૧ રજુ કરી શકે છે તેમ જણાવવામાં આવેલ.

આ અંગે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રોમાં રેશનકાર્ડ ધારકો જોગ જરૂરી સૂચના પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. તેમ છતાં કેટલાક હયાત રેશનકાર્ડ ધારકોએ અરજી પત્ર નં.૧ ભરેલ નથી, જેથી આવા રેશનકાર્ડ ધારકો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળવાપાત્ર જથ્થો મેળવવામાં રસ ધરાવતા નથી અથવા તો તેમણે રેશનકાર્ડમાં દર્શાવેલ સરનામા ઉપર તેઓ રહેતા નથી અથવા આવા રેશનકાર્ડ ધારકો અસ્તિત્વ ધરાવતાં નથી તેમ માનવાને પુરતું કારણ રહે છે. જેથી સંદર્ભ -૧ ના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના પત્રથી સરકારશ્રીએ આપેલ સુચના મુજબ આવા રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર જથ્થાની ફાળવણી વ્યાજબી ભાવના દુકાનદારોને તારીખ ૧.૧.૨૦૧૧ થી બંધ કરવા જણાવેલ છે.

ઉપરોકત સમયમર્યાદામાં નવા બારકોડેડ રેશનકાર્ડ માટે અરજી પત્રક નં.૧ ન ભરી શકનાર રેશનકાર્ડ ધારકો નવા બારકોડેડ રેશનકાર્ડ માટે અરજી પત્રક નં.૨ મુજબ સંબંધિત મામલતદાર / ઝોનલ કચેરીને અરજી કરી શકે છે.

રાજય સરકારશ્રીની તા.૨૯.૧૨.૧૦ ના સંદર્ભ હેઠળ દર્શાવેલ પત્રની સુચના અન્વયે નીચે મુજબની કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવા જણાવવામાં આવે છે.

(૧) તા.૧૪-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ જુના હયાત રેશનકાર્ડના બદલે નવા બારકોડેડ રેશનકાર્ડ માટે પરત મળેલ અરજી પત્રક નં.૧ ની જિલ્લાવાર વિગત સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ છે. પરત મળેલ અરજી પત્રક નં.૧ ની સંખ્યા આ પત્રકમાં દર્શાવેલ સંખ્યાથી કોઈપણ સંજોગોમાં વધે નહીં તે સુનિશ્ચ્યત કરવું. આ માટે પરત મળેલ અરજી પત્રક નં.૧ ના દુકાનવાર રજીસ્ટરમાં તમામ કુલ ફોર્મની એન્ટ્રી નીચે મામલતદારશ્રી / ઝોનલ અધિકારીશ્રીએ પોતાની સહી કરી અને સિકકો મારી રજીસ્ટર કલોઝ કરવું.

(૨) પરત મળેલ અરજી પત્રક નં.૧ ની વિગતો દર્શાવતા રજીસ્ટરમાં આ રજીસ્ટર કલોઝ કર્યા પછી કોઈપણ નવા ફોર્મની એન્ટ્રી ન થાય તેની અંગત કાળજી લેવી.

(૩) પરત મળેલ અરજી પત્રક નં.૧ ની દુકાનવાર અને કાર્ડની કેટેગરીવાર વિગતો તાત્કાલીક સામેલ પરિશિષ્ટ- ૨ મુજબ મેળવી તેની ડેટા એન્ટ્રી એન.આઈ.સી. ધ્વારા પૂરા પાડવામાં આવનાર સોફટવેરમાં દિન-૭ માં અચૂક પૂર્ણ કરવી.

(૪) જે હયાત રેશનકાર્ડ અન્વયે નવા બારકોડેડ રેશનકાર્ડ માટે અરજી પત્ર નં.૧ મળેલ નથી તેવા કાર્ડધારકોને ફાળવવામાં આવતા જથ્થાની ફાળવણી વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોને તા.૧.૧.૨૦૧૧ થી બંધ કરવી.

(૫) તદ્દન નવા બારકોડેડ રેશનકાર્ડ માટે અરજી પત્ર નં.૨ મુજબની પેન્ડીંગ અરજીઓનો તાત્કાલીક નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરવી.

ઉપરોકત સુચનાઓ અન્વયે જરૂરી કાર્યવાહી કરવા સંબંધિતોને જાણ કરવી અને રેશનકાર્ડ ધારકોની જાણકારી માટે આ બાબતે બહોળી પ્રસિધ્ધી કરવી.

ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**નિયામક**
અન્ન અને નાગરિક પુરવઠા
ગુજરાત સરકાર

પરિશિષ્ટ-૧

નવા બારકોડેડ રેશનકાર્ડ અન્વયે અરજીપત્રક નં.૧ મુજબ પરત મળેલ ફોર્મની વિગત.( તા. ૧૪/૧૨/૨૦૧૦ ની સ્થિતીએ)

| અ.નં. | જિલ્લાનું નામ | વાજબી ભાવની દુકાનોની સંખ્યા | કુલ ભરવાના અરજી ફોર્મની સંખ્યા | કુલ ભરાઇને પરત અરજી ફોર્મની સંખ્યા | ભરાઇને પરત મળેલ અરજી ફોર્મની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨ | અમદાવાદ શહેર | ૮૫૭ | ૧૧૬૪૯૭૪ | ૧૦૦૩૫૮૩ | ૮૬.૧૫ |
| ૩ | અમદાવાદ જિલ્લો | ૪૮૨ | ૩૩૮૭૧૩ | ૩૦૭૨૨૮ | ૯૦.૭ |
| ૩ | અમરેલી | ૫૩૮ | ૪૦૨૬૪૪ | ૩૮૫૮૦૫ | ૯૫.૮૨ |
| ૪ | આણંદ | ૭૧૬ | ૪૪૩૫૫૫ | ૩૫૭૫૨૬ | ૮૦.૬૦ |
| ૫ | બનાસકાંઠા | ૯૬૯ | ૫૩૭૫૧૦ | ૫૧૫૮૫૯ | ૯૫.૯૭ |
| ૬ | ભરૂચ | ૫૩૭ | ૩૦૬૦૧૯ | ૨૫૪૦૬૩ | ૮૩.૦૨ |
| ૭ | ભાવનગર. | ૮૦૨ | ૬૪૨૩૨૯ | ૫૭૧૧૭૨ | ૮૮.૮૨ |
| ૮ | દાહોદ | ૬૨૮ | ૨૫૩૬૨૯ | ૨૩૯૫૬૫ | ૯૪.૪૫ |
| ૯ | ડાંગ | ૮૦ | ૪૨૪૪૭ | ૩૮૪૪૨ | ૯૦.૫૬ |
| ૧૦ | ગાંધીનગર | ૩૫૩ | ૩૦૯૬૩૭ | ૨૨૯૩૨૫ | ૭૪.૦૬ |
| ૧૧ | જામનગર | ૬૧૫ | ૫૩૨૯૩૫ | ૪૬૮૦૫૪ | ૮૭.૮૩ |
| ૧૨ | જુનાગઢ | ૭૮૧ | ૬૨૭૨૭૬ | ૫૮૮૩૯૦ | ૯૩.૮૦ |
| ૧૩ | ખેડા | ૭૮૯ | ૪૨૮૧૧૫ | ૩૭૬૪૧૧ | ૮૭.૯૨ |
| ૧૪ | કચ્છ | ૬૪૧ | ૪૮૩૫૦૦ | ૪૨૮૬૦૦ | ૮૮.૬૫ |
| ૧૫ | મહેસાણા | ૬૨૬ | ૪૮૮૯૫૪ | ૪૨૭૭૧૬ | ૮૭.૪૮ |
| ૧૬ | નર્મદા | ૭૨૦ | ૧૦૨૭૮૫ | ૯૯૮૮૩ | ૯૭.૩૯ |
| ૧૭ | નવસારી | ૪૧૯ | ૨૭૦૮૬૬ | ૨૩૬૬૩૨ | ૮૭.૩૬ |
| ૧૮ | પંચમહાલ | ૭૧૦ | ૪૧૫૧૨૮ | ૩૭૯૬૫૨ | ૯૧.૪૫ |
| ૧૯ | પાટણ | ૪૮૬ | ૩૨૧૬૩૯ | ૨૯૯૪૮૪ | ૯૩.૧૧ |
| ૨૦ | પોરબંદર | ૨૨૦ | ૧૫૬૭૯૪ | ૧૪૩૭૮૯ | ૯૧.૭૧ |
| ૨૧ | રાજકોટ | ૯૧૨ | ૧૦૭૧૪૭૯ | ૧૦૦૧૦૭૮ | ૯૩.૪૩ |
| ૨૨ | સાબરકાંઠા | ૮૯૨ | ૪૯૯૬૪૧ | ૪૪૮૩૯૭ | ૮૯.૭૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬૧૪ | ૪૫૬૪૮૧ | ૪૦૩૨૦૨ | ૮૮.૩૩ |
| ૨૪ | સુરત | ૧૦૬૨ | ૯૭૦૫૧૩ | ૭૭૭૭૪૧ | ૮૦.૧૪ |
| ૨૫ | તાપી | ૨૪૬ | ૧૫૯૯૨૨ | ૧૪૯૬૯૫ | ૯૩.૬૧ |
| ૨૬ | વડોદરા | ૧૧૧૫ | ૮૭૯૪૯૯ | ૭૪૧૧૦૨ | ૯૩.૬૧ |
| ૨૭ | વલસાડ | ૪૩૬ | ૩૦૮૯૮૪ | ૨૭૬૪૨૧ | ૮૯.૪૬ |
| | કુલ | ૧૬૭૪૬ | ૧૨૬૧૫૯૬૮ | ૧૧૧૪૮૮૨૫ | |

## પરિશિષ્ટ- ૨

## નવા બારકોડેડ રેશનકાર્ડ માટે પરત મળેલ અરજી પત્રક નં.૧ ની વિગત

| અ.નં. | વ્યાજબી ભાવની દુકાનનું નામ | પરત મળેલ અરજી પત્રક નં.૧ ની વિગત | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | AAY કાર્ડ | BPL કાર્ડ | APL-૧ કાર્ડ | APL-૨ કાર્ડ | કુલ | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |